દાખલ તારીખ : ૦૬/૦૬/૨૦૨૩
નોંધ્યા તારીખ : ૦૬/૦૬/૨૦૨૩
ફેસલ તારીખ : ૦૮/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
૦૩– ૦૦– ૦૨

# એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં, મુ.રાધનપુર જી.પાટણ

ફોજદારી કેસ નં.૬૩૯/૨૦૨૩
**આંક–૨૭**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી : સાજીદ ફૈય્યાજ હસન ફિમુ ગુજજર, ઉ.વ.૪૧,
રહે.જહાનપુરા, તા.કૈરણા, જી.સામલી, રાજય–ઉત્તરપ્રદેશ

**ગુનો : ઈ.પી.કોડ ની કલમ ૨૭૯,૩૩૭,૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ ની કલમ ૧૩૪,૧૭૭,૧૮૪ મુજબ.**

---

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. કુ.ટી.એલ.કુરેશી
આરોપી તરફે વિ.વકીલશ્રી એમ.એ.ઘાંચી

---

## ઠરાવ

**(૧)** ફરીયાદપક્ષ ના કેસ ની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ કલાક ૧૫:૧૫ વાગ્યે મોજે રાધનપુર ગુરૂકૃપા ફેબ્રીકેશનની સામે રાધનપુરથી વારાહી તરફ જતા નેશનલ હાઈવે રોડ પર પોતાની પાસેની ટ્રક નં.એચ.આર.પ૬.બી.૮૧૮૨ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના દિકરાને રોડ ક્રોસ કરતી વખતે અડફેટે લઈ ટકકર મારી શરીરે ગંભીર પ્રકાર ની ઈજાઓ કરી મોત નિપજાવી આરોપીએ ઈ.પી.કોડની કલમ ૨૭૯,૩૩૭,૩૩૮,૩૦૪(અ)તથા એમ.વી. એકટ ની કલમ ૧૩૪,૧૭૭,૧૮૪ મુજબ નો ગુનો કરેલ હોવાના મતલબ ની ફરીયાદી પ્રવિણભાઈ ગીરધરભાઈ ડોસુભાઈ પટેલ એ તા.૦૬/૩/૨૦૨૩ ના રોજ રાધનપુર પોલીસ સ્ટેશન માં ફરીયાદ આપતા તે આધારે રાધનપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧ ૭૦૨૭૨૩૦૨૨૯/૨૦૨૩ થી ગુનો રજીસ્ટર્ડ થયા બાદ તપાસ કરનાર અમલદારે તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામું કરી,આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા અત્રેની અદાલતમાં ઈ.પી.કોડની કલમ ૨૭૯,૩૩૭,૩૩૮,

૩૦૪ (અ)તથા એમ.વી. એકટ ની કલમ ૧૩૪,૧૭૭,૧૮૪ મુજબ ના શિક્ષાપાત્ર ગુના નું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨)આરોપીને પ્રોસેસ ની બજવણી થતા, આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેતા તેઓ ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસ ના પેપર્સ ની નકલો વિના મુલ્યે પુરી પાડી આંક ૦૪ થી તહોમતનામુ ઘડી આંક ૦૫ ના નિવેદનથી ગુનાનો અ સ્વીકાર કરતા ફરીયાદપક્ષ ન ા પુરાવ ા સારુ મુલતવી રાખવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | નામ તથા વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી પ્રવિણભાઇ ગીરધરલાલ પટેલ ની જુબાની | ૦૯ |
| ૨ | સાહેદ ઐયુબખાન ફતેહખાન બલોચ ની જુબાની | ૧૨ |
| ૩ | સાહેદ રજનીકાન્ત ઉર્ફે પીન્ટુ કનુભાઇ પટેલ ની જુબાની | ૧૪ |
| ૪ | સાહેદ ચેનસિંહ સ્વરૂપસિંહ જાટ ની જુબાની | ૧૭ |
| ૫ | ત.ક.અધિકારી પ્રકાશભાઇ મોડાભાઇ કાળમા ની જુબાની | ૨૦ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | ગુનો રજી. કર્યા અંગને યાદી | ૨૧ |
| ૩ | ડેપ્યુટ હુકમ | ૨૨ |
| ૪ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૩ |
| ૫ | મરણોતર પંચનામુ | ૨૪ |
| ૬ | પી.એમ. રીપોર્ટ | ૨૫ |
| ૭ | માર્ગ અકસ્માતનો સંયુકત તપાસણી અહેવાલ | ૨૬ |

(૪)આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ વધુ કોઈ લેખિક કે મૌખિક પુરાવા રજુ કરવા માંગતા નથી, તેવુ મૌખિક વિનંતીથી જાહેર કરતા ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા આધારે ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ અન્વયે આરોપી નું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાતો હોય, આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે, ''આ ગુના વિશે અમો કોઈ હકીકત જાણતા ન હોવા છતા, કંઈથી મારૂ લાઈસન્સ મેળવી તેના આધારે મને આરોપીમાં સંડોવી, તેને લગતી ખોટી તપાસ કરી, ખોટુ ચાર્જશીટ દાખલ કરે છે અમોએ કોઈ ગુનો કરેલ નથી. અમો નિર્દોષ છીએ.''

(૫) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી એમ.એ. ઘાંચી ની દલીલો સાંભળી આમ ફરીયાદપક્ષનો કેસ નિર્ણીત કરવા માટે નીચે મુજબ ના મુદદા ઉપસ્થિત થાય છે.

## મુદદા

| | |
|---|---|
| ૧ | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ કલાક ૧૫:૧૫ વાગ્યે મોજે રાધનપુર ગુરૂકૃપા ફેબ્રીકેશન ની સામે રાધનપુરથી વારાહી તરફ જતા નેશનલ હાઈવે રોડ ઉપર પોતાના કબ્જા તથા હવાલા ની ટ્રક નં.એચ.આર.૫૬.બી. ૮૧૮૨ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદી ના દિકરા ને રોડ ક્રોસ કરતી વખતે અડફેટે લઈ ટકકર મારી શરીરે ગંભીર પ્રકાર ની ઈજાઓ કરી મોત નિપજાવી,આરોપીએ ઇ.પી.કોડ ની કલમ ૨૭૯,૩૩૭, ૩૩૮,૩૦૪ (અ)તથા એમ.વી.એકટની કલમ ૧૩૪,૧૭૭,૧૮૪ મુજબ નો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદદા ના નિર્ણય નીચે મુજબ છે.

૧. નકાર માં,

૨. આખરી હુકમ મુજબ.

## <u>કારણો</u>

<u>**મુદદા નં.૧**</u> :-

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧** તરીકે ફરીયાદી પ્રવિણભાઈ ગીરધરલાલ પટેલ ને આંક-૦૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ

છે કે, તેઓ પીરવાળી શેરી, મુ.તા.રાધનપુર, જી.પાટણ મુકામે તેઓના પરીવાર સાથે રહે છે અને સાઇકલ રીપેરીંગ ની દુકાન ચલાવી તેઓનુ ગુજરાન ચલાવે છે. તેઓને સંતાન માં બે બાળકો હતા.જેમાં એક દિકરી મૈત્રીબેન તથા દિકરાનુ નામ જૈમીન છે અને જૈમીન અકસ્માત માં ગુજરી ગયેલ છે. તેઓનો દિકરો જૈમીન નવ મા ધોરણમાં અભ્યાસ કરતો હતો.બનાવ તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ બપોરે સવા ત્રણ વાગે રાધનપુર થી વારાહી તરફ જતા હાઈવે રોડ ઉપર એકતા ચા ની લારી ની સામે બનેલો. બનાવ ના દિવસે તેઓ તેઓની સાઇકલ રીપેરીંગ ની દુકાન ઉપર હાજર હતા ત્યારે તેઓના સાળા રજનીકાન્તભાઇ કનૈયાલાલનો ફોન આવેલો અને કહેલુ કે તેઓના જૈમીન નો અકસ્માત થયેલો છે. જેથી તેઓ તેઓની દુકાનેથી અકસ્માતવાળા સ્થળે ગયેલ ત્યારે ત્યાં ઘણા બધા લોકો ભેગા થયેલા હતા અને તેઓનો મિત્ર ઐયુબભાઇ ફતેખાન પણ ત્યાં હાજર હતો. તેઓએ ત્યાં જોયેલ તો તેઓના દિકરાની લાશ સ્થળ ઉપર પડેલી હતી અને તેનુ માથુ છુંદાઇ ગયેલુ હતુ અને હાથ છુંદાઇ ગયેલ હતુ અને તેની ઉપર ટ્રક ફરી વળેલ હતુ. ઐયુબભાઇએ તેઓને કહેલુ કે તેઓનો દિકરો જૈમીન સાઇકલ લઇને ભાભર ત્રણ રસ્તેથી આવતો હતો અને શાંતિધામ તરફ જતો હતો ત્યારે પાછળથી એક ટ્રકે આવીને ટકકર મારેલી અને આ ટ્રક પુરઝડપે આવતી હતી. તેઓએ સ્થળ ઉપર જોયુ તો અકસ્માત કરનાર ટ્રક ત્યાં પડેલી હતી અને ટ્રકનો નંબર એચ આર.૫૬.બી.૮૧૮૨ નો હતો. ટ્રકનો ચાલક ત્યાંથી નાસી ગયેલો. ત્યારબાદ તેઓના દિકરાને રાધનપુર રેફરલ હોસ્પીટલ લાવેલા અને ત્યાં તેનુ પોસ્ટમોર્ટમ કરેલુ. બનાવ સબંધે તેઓએ ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે જે ફરીયાદ આંક-૧૦ થી રજુ કરે છે. આરોપીને તેઓ જોયે ઓળખે છે જે આજરોજ કોર્ટ માં હાજર છે તે જ છે.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ તેઓની દુકાને હતા.બનાવ વખતે રજનીકાન્તભાઇનો તેઓને ફોન આવતા તેઓને જાણ થયેલી. બનાવ તેઓએ નજરે જોયેલો નહી. બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થયેલા હતા. આ બનાવ જોઇને પછી તેઓ તેઓના દિકરાને દવાખાને લઇ ગયેલા. તેઓએ બનાવ જોયેલો નથી.આરોપીને તેઓએ બનાવ પહેલા કયારેય જોયેલો નહી. આજે તેઓને આરોપીનુ નામ ખબર નથી. તેઓએ આ સીવાયની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

(૮)આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૨** તરીકે સાહેદ ઐયુબખાન ફતેહખાન બલોચ ને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તેઓ સીન્ધીવાસ, પરા માં, મુ.તા.રાધનપુર, જી.પાટણ મુકામે તેઓના પરીવાર સાથે રહે છે અને મજુરી કામ કરી તેઓનુ ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમાં ત્રણ બાળકો છે, જેમાં સૌથી મોટો રજજાકખાન,અદનાનખાન અને સૌથી નાનો એજાજખાન છે. બનાવ તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ બપોરના ત્રણથી સાડા ત્રણ વાગ્યાની વચ્ચે રાધનપુરથી વારાહી જતા હાઇવે રોડ ઉપર એકતા હોટલની સામે બનેલો. બનાવના સમયે તેઓ એકતા હોટલ ઉપર ચા પીવા માટે બેઠા હતા ત્યારે એક છોકરો તેની સાઇકલ લઇને રાધનપુર બાજુથી વારાહી તરફ જતો હતો ત્યારે એક ટ્રક પુરઝડપે આવેલુ અને સાઇકલને પાછળથી ટકકર મારેલ. જેથી ટ્રક પુરઝડપે હતી એટલે આગળ જઇને ઉભી રહેલી અને તેનો ડ્રાઇવર ભાગી ગયેલો અને છોકરા ઉપર ટ્રક ફરી જતા તેના માથા ઉપર અને શરીર ઉપર ઈજાઓ થયેલી. જેથી તેઓ હોટલે થી દોડીને સ્થળ ઉપર ગયેલા અને ત્યાં જઇને જોયુ તો સાઇકલ લઇને જતા જે છોકરા ને ટકકર વાગેલી તે છોકરો પ્રવિણભાઇ પટેલ નો જયમીન હતો. પછી ત્યાં ઘણા બધા માણસો સ્થળ ઉપર ભેગા થઇ ગયેલા અને પ્રવિણભાઇનો સાળો પણ ત્યાં આવી ગયેલો અને તેણે પ્રવિણ ભાઇ ને ફોન કરીને બનાવની જાણ કરેલી. પછી એમ્બ્યુલન્સ આવી ગયેલી અને જય મીન ની લાશને રાધનપુર સરકારી દવાખાને લઇ ગયેલી. જે ટ્રક થી અકસ્માત થયેલો તે ટ્રક નો નંબર એચ આર.પ૬.બી.૮૧૮૨ હતો. બનાવ સબંધે પ્રવિણભાઇએ ફરીયાદ આપેલ. પોલીસે તેઓનુ નિવેદન લીધેલુ. આરોપીને તેઓ જોયે ઓળખી શકે નહી.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, કંડલા હાઇવેવાળો રોડ ટ્રાફીક થી ભરચક વિસ્તાર છે. આ રસ્તો સતત વાહનો ની અવર જવર વાળો રસ્તો છે. એકતા હોટલ ભીલોટી ત્રણ રસ્તાથી નજીકમાં આવેલી છે. એકતા હોટલની આજુબાજુ ગેરેજ અને બીજી અન્ય દુકાનો આવેલી છે. આ હાઇવેની બંને સાઇડે લોકોની આવન જાવન ચાલુ હોય છે. ટ્રાફીકના કારણે વાહનો માપની સ્પીડે આવતા હોય છે. બનાવ બનતા ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા. ઘણી બધી ગાડીઓ પણ ભેગી થઇ ગયેલી. તેઓ ચા પીવા બેઠા હતા અને ટ્રક અકસ્માત કરી તે સમયે તેઓએ ટ્રક નંબર જોયેલો નહી. તેઓ ગયા ત્યારે ઘણી બધી ટ્રકો ભેગી થઇ ગયેલી હતી. અકસ્માત કરનાર ટ્રકની આર.સી.બુક અંગેની ચકાસણી તેઓએ કરેલી

નહી. અકસ્માત કરનાર ટ્રકનો ડ્રાઇવર ભાગી ગયો હતો. તેઓએ આ સીવાયની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૩** તરીકે સાહેદ રજનીકાન્ત ઉર્ફે પીન્ટુ કનુભાઇ પટેલ ને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તેઓ જગદંબા પાર્ક સોસાયટી પેટ્રોલપંપ પાસે, મુ.તા.રાધનપુર, જી.પાટણ મુકામે તેઓના પરીવાર સાથે રહે છે અને સાયકલ રીપેરીંગનુ કામ કરી તેઓનુ ગુજરાત ચલાવે છે. તેઓ પાંચ ભાઇ બેન છે જેમાં સૌથી મોટી હેમલતા, મુકેશ, દક્ષા, આરતી અને સૌથી નાના તેઓ છે. બનાવ તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ બપોર ના ત્રણ થી સાડા ત્રણ વાગ્યાની વચ્ચે રાધનપુરથી વારાહી જતા હાઇવે રોડ ઉપર એકતા હોટલ ની સામે નેશનલ હાઇવે પર બનેલો. બનાવના સમયે તેઓ જમીને તેઓની સાયકલની દુકાન પર જતા હતા ત્યારે એકતા હોટલની સામે રોડ પર અકસ્માત થયેલો જેથી બુમાબુમ પડતા તેઓ ત્યાં ગયેલા તેઓની સાયકલ સર્વિસ રોડ પર ઉભી રાખેલ અને સ્થળ જોયું તો સાયકલ પડેલી હતી અને રોડ ઉપર જોયુ તો અકસ્માત થયેલ વ્યકિત તેઓનો ભાણીયો જયમીન હતો. જેથી તેઓએ તેઓના બનેવી પ્રવિણભાઇને ફોન કરી સ્થળ બોલાવેલા અને સ્થળ પર તેઓએ જોયું તો ટ્રક નં.એચ.આર.56 બી 8182 પડેલો હતો. તેઓના બનેવી સ્થળ પર આવી ગયેલા અને તે સમયે નેશનલ હાઇવે ઓથોરીટીવાળી એમ્બ્યુલન્સ પણ આવી ગયેલી અને તેઓના ભાણીયાની લાશને રાધનપુર રેફરલ હોસ્પીટલ ખાતે લઇ ગયેલા અને ત્યાં તેની પી.એમ. કરાવી અંતિમ વિધી માટે લઇ ગયેલા. તેઓ જયારે બનાવ સ્થળે પહોચ્યા ત્યારે વાતોવાતથી જાણેલ તેઓનો ભાણીયો જયમીન તેની સાયકલ લઇને જતો હતો ત્યારે ટ્રક ફુલ ફાસ્ટ આવીને પાછળ થી ધકકો મારેલો.અકસ્માત કરનાર ટ્રકના ચાલકને તેઓએ જોયેલ નહી. બનાવ સબંધે તેઓના બનેવી પ્રવિણભાઇએ ફરીયાદ આપેલી. પોલીસે તેઓનુ નિવેદન લીધેલુ. તેઓ આરોપીને ઓળખી શકે નહી.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસ માં સાહેદે જણાવેલ છે કે, તેઓ જયારે બનાવ બનાવવાળા સ્થળે પહોચેલ ત્યારે બનાવ બની ચુકયો હતો. બનાવવાળા સ્થળે ઘણા બધા લોકો ભેગા થઇ ગયેલ હતા. સવાલ– તમો બનાવ નજરે જોયેલ નથી તો પછી આ જ ટ્રક વડે એકસીડેન્ટ થયેલ તે કેવી રીતે ખબર પડેલ ? જેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ જયારે સ્થળ પર ગયેલ ત્યારે તેઓના ભાણીયા જયમીન ની લાશ પડેલ, સાયકલ પડેલ હતી અને અકસ્માત કરનાર ટ્રક પડેલ હતો. ટ્રકવાળો

એકસીડેન્ટ કરી ટ્રક મુકીને ભાગી ગયેલ હતો. તેઓએ આ સીવાયની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

**(૧૦)** આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૪** તરીકે સાહેદ ચેનસિંહ સ્વરૂપસિંહ જાટ ને આંક ૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, ટ્રક નં.એચ.આર ૫૬બી ૮૧૮૨ આર.ટી.ઓ કચેરીમાં તેઓના નામે રજીસ્ટર કરેલ છે. સને ૨૦૨૩ ના વર્ષ માં તેઓની આ ટ્રક ઉપર બે ડ્રાઈવર હતા તેમાં ૧) સાજીદ હતો બીજા ડ્રાઈવર નુ નામ તેઓને યાદ નથી. તેઓની ટ્રક પાણીપત હરિયાણા રીફાઈનરી ખાતે થી પ્લાસ્ટીક બેગ માં પાઉડર ભરી કંડલા જવા રવાના થયેલ. તેઓએ વાતો વાત થી જાણેલ કે તેઓના ટ્રકનુ રાધનપુરથી એક કિ.મી. આગળ વારાહી રોડ ઉપર એક્સી ડન્ટ થયેલ. આ એક્સીડન્ટ માં એક સાયકલ સવાર ચૌદ વર્ષનો છોકરો ગુજરી ગયેલ. અકસ્માત બાદ તેઓ રાધનપુર આવેલ અને જાણેલ કે તેઓના ટ્રકના ડ્રાઈવરો અક સ્માત બાદ નાસી છુટેલ તેથી ગાડીના કાગળો તથા ડ્રાઈવરના ડ્રાઈવીંગ લાયસન્સ તેઓએ પોલીસ ને આપેલ તથા પોલીસે તેઓનુ નિવેદન નોંધેલ તેમાં તેઓએ તેઓનો મોબાઈલ નંબર તથા તેઓના ટ્રકના ડ્રાઈવરોના મોબાઈલ નંબરો પોલીસને લખાવેલ. આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ માં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા કોઈ ફળદાયક હકીકત જણાવતા નથી.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ ના દિવસે તેઓની ટ્રક ઉપર બે ડ્રાઈવરો હોય કયો ડ્રાઈવર અકસ્માત સમયે ટ્રક ચલાવતો હતો તે તેઓ કહી શકે નહી.

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૫** તરીકે ત.ક.અધિકારી પ્રકાશભાઈ મોડા ભાઈ કાળમા ને આંક-૨૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવા માં જણાવેલ છે કે,તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ પો.સ.ઈ. તરીકે રાધનપુર પો.સ્ટે. માં ફરજ બજાવતા હતા આ દિવસે ફરિયાદી નામે પ્રવિણભાઈ ગીરધરલાલ પટેલનુ ફરિયાદ નિવેદન તેમના લખાવ્યા મુજબ તેઓએ લખી લઈ પી.એસ.ઓ. તરફ ગુનો રજીસ્ટર થવા મોકલેલ. જે ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૩૦૨૨૯ ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૦૪ (અ) વિગેરે મુજબ નોંધી તેની તપાસ તેઓને સુપરત કરેલ જેથી તેઓએ તપાસ સંભાળી લીધેલ.તપાસના કામે અકસ્માતવાળા બનાવમાં મરણ જનાર જયમીન પ્રવિણ

ભાઈ પટેલ ઉ.વ.૧૪ ની લાશ રાધનપુર રેફરલ હોસ્પીટલમાં રાખેલ હોય મરણ જનારના પિતા પ્રવિણભાઇ ગિરધરલાલ પટેલે મરણ જનાર તેમના દિકરા હોવાનુ ઓળખી બતાવતા બે પંચો રૂબરૂ મરણ જનારની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ. તા.૦૭/૦૩ /૨૦૨૩ ના રોજ ફરિયાદીએ બતાવેલ બનાવવાળી જગ્યાનુ બે પંચો રૂબરૂ પંચનામુ કરેલ.લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધેલ, મરણ જનાર જયમીનભાઈની પી.એમ.નોટ મેળવેલ. બનાવમાં સાજીદ ફૈયાઝ હસન ટ્રક નં.એચ.આર ૫૬ બી ૮૧૮૨ ના ચાલક તરીકે સંડોવણી ફલીત થતા તા.૩૦/૦૩/૨૦૨૩ ના રોજ અટક કરી જામીન મુકત કરેલ. ફરિયાદ આંક-૧૦ જોઇને કહે છે કે તેમાં રૂબરૂ તરીકે તેઓની સહી છે. ફરિયાદ ગુના રજીસ્ટરે નોંધવા કરેલ યાદી રજુ કરે છે જેમાં તેઓની સહી છે જે રજુ દાખલ આંક ૨૧ ડેપ્યુટ હુકમ રજુ કરે છે જેમાં પી.એસ.ઓ. સરદારસીહની સહી છે જે રજુ દાખલ આંક ૨૨ તા.૦૭-૦૩-૨૦૨૩ ના રોજ કરેલ પંચનામુ રજુ કરે છે જેમાં પંચ રાકેશભાઇ તથા ઉદયકુમાર ની સહીઓ છે રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખે છે જે પંચનામુ રજુ દાખલ આંક ૨૩ ઈન્કવેસ્ટ પંચનામુ રજુ કરે છે જેમાં પંચો નરેશભાઇ તથા નવીનભાઇની સહીઓ છે તેમાં તપાસ કરનાર તરીકે તેઓની સહી છે જે રજુ દાખલ આંક ૨૪ પી.એમ.નોટ રેફરલ હોસ્પીટલમાંથી મેળવેલ જેમાં રેફરલ હોસ્પીટલના ડોકટર ની સહી તથા હોદ્દાનો સિક્કો છે જે રજુ દાખલ આંક ૨૫ અકસ્માતવાળી જગ્યાનુ આર. ટી.ઓ.તથા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની હાજરીમાં ઈન્સ્પેક્શન કરી જોઈન્ટ તપાસણી અહેવાલ ક્લીયર કરેલ જે રજુ કરે છે જેમાં આર.ટી.ઓ. માર્ગ મકાન વિભાગ ના અધિકારીની તથા તેઓની સહી છે જે રજુ દાખલ આંક ૨૬. આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ છે. આરોપી આજે કોર્ટમાં હાજર છે તેઓ ઓળખે છે.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં ત.ક.અધિકારીએ જણાવેલ છે કે, સાહેદ હિતેન નવીનચંદ્ર તથા કુલદીપ પંકજભાઇ તથા દક્ષાબેન પ્રવિણભાઇ તથા મૈત્રીબેન પ્રવિણભાઇ તેઓની રૂબરૂના નિવેદન મુજબ બનાવના નજરે જોનાર સાહેદ ન હતા.બનાવવાળી જગ્યા વાહનો તથા માણસોના અવર જવર વાળી જગ્યા હતી. તેઓ એ આ સીવાય ની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

**(૧૨)**આમ ઉપરોકત હકીકત જોવામાં આવે તો ફરીયાદપક્ષે **સાહેદ નં.૧** તરીકે તપાસેલ ફરીયાદી પ્રવિણભાઇ ગીરધરલાલ પટેલ કે જેઓ અકસ્માત વાળા બનાવ માં મરણ જનાર ના પિતા છે નો પુરાવો જોવામાં આવે તો બનાવ તા.૦૬/ ૩/૨૦૨૩ ના રોજ બપોરે સવા

ત્રણ વાગે રાધનપુર થી વારાહી તરફ જતા હાઇવે રોડ ઉપર એકતા ચા ની લારી ની સામે બનેલ ાનુ તથા બનાવ ના દિવસે તેઓ તેઓની સાચ કલ રીપેરીંગ ની દુકાન ઉપર હાજર હતા ત્યારે તેઓના સાળા રજનીકાન્તભાઇ કનૈયાલાલનો ફોન આવેલો અને કહેલુ કે તેઓના જૈમીન નો અકસ્માત થયેલો છે. જેથી તેઓ તેઓની દુકાને થી અકસ્માતવાળા સ્થળે ગયેલ ત્યારે ત્યાં જોયેલ તો તેઓના દિકરા ની લાશ સ્થળ ઉપર પડેલી હતી અને તેનુ માથુ છુંદાઇ ગયેલુ હતુ અને હાથ છુંદાઇ ગયેલ હતુ અને તેની ઉપર ટ્રક ફરી વળેલ હતુ. ઐયુબભાઇ થી તેઓને જાણવા મળેલ કે તેઓનો દિકરો જૈમીન સાઇકલ લઇને ભાભર ત્રણ રસ્તે થી આવતો હતો અને શાંતિધામ તરફ જતો હતો ત્યારે પાછળ થી એક ટ્રકે આવીને ટકકર મારેલી અને આ ટ્રક પુરઝડપે આવતી હતી. તેઓએ સ્થળ ઉપર જોયુ તો અકસ્માત કરનાર ટ્રક ત્યાં પડેલી હતી અને ટ્રકનો નંબર એચ આર.૫૬.બી.૮૧૮૨ નો હતો. ટ્રકનો ચાલક ત્યાં થી નાસી ગયેલો. ત્યારબાદ તેઓના દિકરાને રાધનપુર રેફરલ હોસ્પીટલ લાવેલા અને ત્યાં તેનુ પોસ્ટ મોર્ટમ કરેલુ. બનાવ સબંધે તેઓએ ફરીયાદ આપેલ ાનુ જણાવી આરોપીને તેઓ જોયે થી ઓળખ તા હોવાનુ જણાવી આરોપી ને જુબાની દરમિયાન ઓળખી બતાવેલ છે પરંતુ ઉલટ તપાસ માં ફરીયાદીએ બનાવ તેઓએ નજરે જોયેલો નહી હોવાનુ તથા આરોપી ને તેઓએ બનાવ પહેલા કયારેય જોયેલો નહી હોવાનુ સ્વીકારેલ છે આમ ફરિયાદી બનાવ ના નજરે જોનાર સાહેદ નથી પરંતુ બનાવ બાદ બનાવ સ્થળે પહોચેલ સાહેદ છે તે જરીતે **સાહેદ નં.૨** ઐયુબખાન ફતેહખાન બલોચ નો પુરાવો જોતાં તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ બપોર ના ત્રણ થી સાડા ત્રણ વાગ્યા ની વચ્ચે રાધનપુર થી વારાહી જતા હાઇવે રોડ ઉપર એકતા હોટલ ઉપર ચા પીવા માટે બેઠા હતા ત્યારે હોટલ ની સામે એક છોકરો તેની સાઇકલ લઇને રાધનપુર બાજુ થી વારાહી તરફ જતો હતો ત્યારે એક ટ્રક પુરઝડપે આવેલુ અને સાઇકલને પાછળથી ટકકર મારેલ.જેથી ટ્રક પુરઝડપે હતી એટલે આગળ જઇને ઉભી રહેલી અને તેનો ડ્રાઇવર ભાગી ગયેલો અને છોકરા ઉપર ટ્રક ફરી જતા તેના માથા ઉપર અને શરીર ઉપર ઇજાઓ થયેલી. જેથી તેઓ હોટલે થી દોડીને સ્થળ ઉપર ગયેલા અને ત્યાં જઇને જોયુ તો સાઇકલ લઇને જતા જે છોકરા ને ટકકર વાગેલી તે છોકરો પ્રવિણભાઇ પટેલ નો જય મીન હોવાનો તથા અકસ્માત કરનાર ટ્રક નો નંબર એચ આર.૫૬.બી.૮૧૮૨ હતો તેવો પુરાવો આપેલ છે પરંતુ આરોપીને તેઓ જોયે ઓળખી શકે નહી તેમ જણાવેલ

છે આમ આ સાહેદ ના પુરાવા ઉપર થી તેઓ આક્ષેપિત બનાવ ના નજરે જોનાર સાહેદ છે તથા અકસ્માત ની વિગતો આપી અકસ્માત કરનાર ટ્રક નો નંબર પણ જણાવેલ છે પરંતુ અકસ્માત કરનાર ટ્રક ના ચાલક ની ઓળખ બાબતે કોઈ પુરાવો આપતા નથી.તે જ રીતે **સાહેદ નં.૩** રજનીકાન્ત ઉર્ફે પીન્ટુ કનુભાઇ પટેલ નો પુરાવો જોતાં તેઓએ બનાવ તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ બપોર ના ત્રણ થી સાડા ત્રણ વાગ્યા ની વચ્ચે રાધનપુર થી વારાહી જતા હાઈવે રોડ ઉપર એકતા હોટલ ની સામે નેશનલ હાઈવે ઉપર બનેલા નો અને બનાવ સમયે તેઓ તેઓની સાયકલની દુકાન પર જતા હતા ત્યારે એકતા હોટલ ની સામે રોડ પર અકસ્માત થયેલો જેથી બુમાબુમ પડતા તેઓ ત્યાં ગયેલા તેઓ ની સાયકલ સર્વિસ રોડ પર ઉભી રાખેલ અને સ્થળ જોયું તો સાયકલ પડેલી હતી અને રોડ ઉપર જોયુ તો અકસ્માત થયેલ વ્યકિત તેઓનો ભાણીયો જય મીન હતો.સ્થળ પર ટ્રક નં.એચ.આર.56 બી 8182 પડેલો હતો.સ્થળ પર એમ્બ્યુલન્સ આવી ગયેલી અને તેઓના ભાણીયાની લાશને રાધનપુર રેફરલ હોસ્પીટલ ખાતે લઈ ગયેલા તેઓ જયારે બનાવ સ્થળે પહોચ્યા ત્યારે વાતોવાત થી જાણેલ તેઓનો ભાણીયો જયમીન તેની સાયકલ લઈને જતો હતો ત્યારે ટ્રક કુલ ફાસ્ટ આવીને પાછળ થી ધકકો મારેલો. અક સ્માત કરનાર ટ્રક ના ચાલકને તેઓએ જોયેલ નહી તથા તેઓ આરોપીને ઓળખી શકે નહી. તે જ રીતે ઉલટ તપાસ માં તેઓ જયારે બનાવ બનાવવાળા સ્થળે પહોચેલ ત્યારે બનાવ બની ચુકેલાનુ સ્વીકારેલ છે આમ આ સાહેદ પણ બનાવ ના નજરે જોનાર નહી પરંતુ બનાવ બની ગયા બાદ બનાવ સ્થળે પહોંચેલ સાહેદ ફલીત થાય છે તથા અકસ્માત કરનાર ટ્રક ના ચાલક ની ઓળખ બાબતે કોઈ પુરાવો આપતા નથી. હવે **સાહેદ નં.૪** ચેનસિંહ સ્વરૂપસિંહ જાટ કે જેઓ બનાવ વાળા ટ્રક ના માલીક છે તેઓનો પુરાવો જોતાં ટ્રક નં.એચ.આર ૫૬ બી ૮૧૮૨ આર.ટી.ઓ કચેરી માં તેઓના નામે રજીસ્ટર હોવાનો તથા સને ૨૦૨૩ ના વર્ષ માં તેઓની આ ટ્રક ઉપર બે ડ્રાઈવર હતા તેમાં ૧) સાજીદ હતો બીજા ડ્રાઈવર નુ નામ તેઓને યાદ નથી. તેઓની ટ્રક પાણીપત હરિયાણા રીફાઈનરી ખાતે થી પ્લાસ્ટીક બેગ માં પાઉડર ભરી કંડલા જવા રવાના થયેલ. એ વખતે વાતો વાત થી જાણેલ કે તેઓના ટ્રકનુ રાધનપુરથી એક કિ.મી. આગળ વારાહી રોડ ઉપર એક્સી ડન્ટ થયેલ. આ એક્સીડન્ટ માં એક સાયકલ સવાર ચૌદ વર્ષનો છોકરો

ગુજરી ગયેલ. અકસ્માત બાદ તેઓ રાધનપુર આવેલ અને જાણેલ કે તેઓના ટ્રક ના ડ્રાઈવરો અકસ્માત બાદ નાસી છુટેલ ાનો પુરાવો આપેલ છે તથા ઉલટ તપાસ માં બનાવ ના દિવસે તેઓની ટ્રક ઉપર બે ડ્રાઇવરો હોય કયો ડ્રાઈવર અકસ્માત સમયે ટ્રક ચલાવતો હતો તે તેઓ કહી શકે નહી તેમ જણાવેલ છે આમ આ સાહેદ ના પુરાવા ઉપર થી અકસ્માતવાળા ટ્રક ઉપર બનાવ વખતે બે ચાલક નોકરી ઉપર હતા તે પૈકી એક આ કામ ના આરોપી હતા પરંતુ  બનાવ ના દિવસે તેઓની ટ્રક ઉપર બે ડ્રાઇવરો હોય કયો ડ્રાઈવર અકસ્માત સમયે ટ્રક ચલાવતો હતો તે તેઓ કહી શકે નહી તેમ જણાવેલ છે આમ ઉપરોકત મટીરીયલ સાહેદ ના પુરાવા ઉપર થી આક્ષેપિત બનાવ માં આરોપી ની સંડોવણી ફલીત કે પુરવાર થતી નથી. આમ ઉપરોકત સાહેદો નો મૌખિક પુરાવો તથા આંક ૨૪ મરણોત્તર પંચનામુ તથા આંક ૨૫ થી રજુ પી.એમ.નોટ જોતાં બનાવ ટ્રક નં.એચ.આર ૫૬ બી ૮૧૮૨ ના ચાલક ના પુરઝડપે ડ્રાયવીંગ ના કારણે બનેલાનુ તથા આ બનાવ માં સાયકલ સવાર ફરિયાદી ના દીકરા જયમીન ને ટ્રક થી ટકકર મારતાં તેનુ ઘટના સ્થળે મૃત્યુ નિપજેલાનુ પુરવાર થાય છે પરંતુ આ બનાવ વાળો ટ્રક આરોપી જ ચલાવતા હતા તે હકીકત પુરવાર થતી નથી. આ સિવાય **સાહેદ નં.૫** તરીકે ત.ક. અધિકારી પ્રકાશભાઈ મોડા ભાઈ કાળમા નો પુરાવો રજુ થયેલ છે તેઓએ અનુસરેલ તપાસ કાર્યરિતી મુજબ પુરાવો આપી આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ ાનુ જણાવેલ છે પરંતુ રજુ લેખિત–મૌખિક સમગ્ર પુરાવો જોતાં આક્ષેપિત બનાવ માં આરોપી ની સંડોવણી કે ઓળખ પુરવાર થતી નથી આમ આ કામના આરોપીએ તા.૦૬/૦૩/ ૨૦૨૩ ના રોજ કલાક ૧૫:૧૫ વાગ્યે મોજે રાધનપુર ગુરૂકૃપા ફેબ્રીકેશન ની સામે રાધનપુર થી વારાહી તરફ જતા નેશનલ હાઈવે રોડ ઉપર પોતાન। કબ્જા તથા હવાલા ની ટ્રક નં.એચ.આર.૫૬.બી. ૮૧૮૨ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદી ના દિકરા જયમીન ને રોડ ક્રોસ કરતી વખતે અડફેટે લઇ ટકકર મારી શરીરે ગંભીર પ્રકાર ની ઈજાઓ કરી મોત નિપજાવી,આરોપીએ ઇ.પી.કોડ ની કલમ ૨૭૯,૩૩૭, ૩૩૮,૩૦૪ (અ)તથા એમ.વી.એકટની કલમ ૧૩૪,૧૭૭,૧૮૪ મુજબ નો શિક્ષા પાત્ર ગુનો કરેલાનુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી મુદદા નં.૧

નો જવાબ નકારમાં આપીને મુદદા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## હુકમ

(૧) આ કામના આરોપી સાજીદ ફૈય્યાજ હસન ફિમુ ગુજજર, ઉ.વ.૪૧, રહે.જહાનપુરા તા.કૈરણા,જી.સામલી,રાજય–ઉત્તરપ્રદેશ ને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૮ (૧)અન્વયે ઇ.પી.કોડ ની કલમ ૨૭૯,૩૩૭, ૩૩૮,૩૦૪ (અ)તથા એમ.વી.એકટની કલમ ૧૩૪,૧૭૭,૧૮૪ મુજબ ના શિક્ષા અને દંડને પાત્ર ગુના માં થી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપી ના અગાઉ ના જામીનખત અપીલ સમય વિત્યા બાદ રદ ગણવા.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂ.૫૦૦૦/– ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન છ માસના ગાળાના દિન–૭ માં આપવા.

હુકમ આજ તા.૦૮/૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૬/૨૦૨૬
રાધનપુર

(દિલીપસિંહ માનસિંહ રાઠોડ)
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
રાધનપુર જીજે ૦૦૭૪૨

જી.એચ.ઓઝા,
(ગુજરાતી સ્ટેનોગ્રાફર)